પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૬૩ ૧૪ મે, ૨૦૧૯, મંગળવાર; વૈશાખ સુદ-૧૦ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

## ન્યુઝ ટ્રેક

### ચંદા કોચરની પુછપરછ કરાઈ

આઈસીઆઈસીઆઈ બેન્કના પૂર્વ એમડી અને સીઈઓ ચંદા કોચર અને તેમના પતિ દીપક કોચર ઈડીની દિલ્હી સ્થિત ઓફિસમાં હાજર રહ્યા હતા. વીડિયોકોન લોનના મામલામાં તેમની પુછપરછ કરવામાં આવી હતી.

### સાઉદી અરબના તેલ ટેન્કરો પર હુમલો

અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા તણાવના માહોલ વચ્ચે સાઉદી અરબના તેલ ટેન્કરો પર હુમલો થયો છે. સાઉદી અરબે કહ્યુ છે કે યુએઈના જલક્ષેત્રમાં તેમના બે ટેન્કરો પર હુમલો થતા ઘણુ નુકશાન પહોંચ્યુ છે.

### કાશ્મીર ઘાટીમાં સેના પર પત્થરમારો

જમ્મુ-કાશ્મીરમાં તૈનાત સુરક્ષાદળો પર ફરી એકવાર પત્થરમારો થયો છે. આ પત્થરમારાની ઘટનામાં ૪૭ સુરક્ષાકર્મીઓ ઘાયલ થયા છે. ઘાયલોમાં એસએસબીના એક કમાન્ડર સામેલ છે. બારામુલ્લાના મીરગુંડા, ચૈનાબાલ, હાર્યરથ, સિંહપોરા વગેરે વિસ્તારોમાં પત્થરમારો થયો હતો.

### પ્રિયંકા ગાંધીએ મહાકાલની પૂજા કરી

કોંગ્રેસ મહા સચિવ પ્રિયંકા ગાંધીએ ઉજ્જૈન સ્થિત પ્રસિદ્ધ મહાકાલેશ્વર મંદિરમાં પૂજા-અર્ચના કરી હતી અને ત્યારબાદ ઉજ્જેનમાં રોડ શો કર્યો હતો. આ લોકસભા ચૂંટણીમાં તેઓ પ્રથમવાર ઉજ્જેન આવ્યા છે.

# પિત્રોડાએ દેશની માફી માગવી જોઈએ : રાહુલ

**હુઆ તો હુઆ વિવાદ વચ્ચે રાહુલે પિત્રોડાની ઝાટકણી કાઢી : નિવેદન બદલ શરમ આવવી જોઇએ તેમ કહીને પોતાના ગુરુ સામ પિત્રોડાને રાહુલે ઝાટકી દીધા : પિત્રોડાના નિવેદનથી કોંગ્રેસની તકલીફમાં વધારો થયો**



લુધિયાણા,તા. ૧૩

લોકસભા ચૂંટણીના અંતિમ તબક્કાના મતદાનને લઈને ચૂંટણી પ્રચાર ચરમસીમા પર છે ત્યારે કોંગ્રેસ પાર્ટીની મુશ્કેલીઓ વધી રહી છે. પોતાના ગુરુ સામ પિત્રોડાના નિવેદન બાદ કોંગ્રેસની મુશ્કેલી સતત વધ્યા બાદ આજે પ્રચાર દરમિયાન કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ આ મુદ્દે સ્પષ્ટતા કરી હતી. સાથે સાથે કહ્યું હતું કે, સામ પિત્રોડાને આ પ્રકારના નિવેદન કરવામાં શરમ આવવી જોઈએ. જાહેરમાં માફી માંગવા માટે પણ રાહુલ ગાંધીએ કહ્યું છે. રાહુલ ગાંધી આ મુદ્દે માત્ર સ્પષ્ટતા કરતા જ નજરે પડ્યા ન હતા બલ્કે સામ પિત્રોડાને જાહેરમાં માફી માંગવા માટે પણ કહ્યું હતું. સામ પિત્રોડાના નિવેદનને લઈને કોંગ્રેસ પાર્ટી ઉપર ભારતીય જનતા પાર્ટી દ્વારા જોરદાર પ્રહારો કરવામાં આવી રહ્યા છે. સામ પિત્રોડા પોતાના નિવેદન બદલ પહેલાથી માફી માંગી ચુક્યા છે. રાહુલ ગાંધીએ ફતેગઢ સાહીબમાં રેલી દરમિયાન કહ્યું હતું કે, શામ પિત્રોડાએ ૧૯૮૪માં સીખ વિરોધી રમખાણ અંગે જે કંઈ નિવેદન કર્યું છે તે બિલકુલ ખોટુ અને અયોગ્ય નિવેદન છે. આના માટે સામ પિત્રોડાએ માફી માંગવી જોઈએ. ફોન કરીને પણ આ

● અનુસંધાન પાના - ૭ પર

# રિટેઈલ ફુગાવો એપ્રિલમાં વધીને ૨.૯૨ ટકા થયો

**કઠોળમાં ફુગાવો વધુ ઘટ્યો : મોંઘવારીમાં આંશિક વધારો થયો હોવા છતાં રિઝર્વ બેંકના ટાર્ગેટ કરતા ઓછો નોંધાયો**



નવી દિલ્હી, તા. ૧૩

ખાદ્યાન્ન ચીજવસ્તુઓની કિંમતમાં વધુ વધારો થયા બાદ રિટેલ ફુગાવો એપ્રિલ મહિનામાં છ મહિનાની ઉંચી સપાટીએ પહોંચી ગયો છે પરંતુ રિઝર્વ બેંક દ્વારા કરવામાં આવેલી આગાહી કરતા ફુગાવો નિચી સપાટીએ રહ્યો છે જેથી જૂન મહિનામાં ચાવીરુપ વ્યાજદરમાં વધુ ઘટાડો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. એપ્રિલ મહિનામાં વાર્ષિક રિટેલ ફુગાવો ૨.૯૨ ટકા થઈ ગયો છે જે અગાઉના મહિનામાં ૨.૮૬ ટકા હતો પરંતુ હજુ પણ આરબીઆઈ દ્વારા કરવામાં આવેલી આગાહી કરતા આ દર ઓછો છે. સરકાર દ્વારા આજે જારી કરવામાં આવેલા આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી હતી. કઠોળમાં ફુગાવો માઈનસ ૦.૯ ટકા રહ્યો છે. એપ્રિલ મહિનામાં ફુડ બાસ્કેટમાં ફુગાવો ૧.૧ ટકા અને માર્ચ મહિનામાં ૦.૩ ટકા હતો. સતત નવમાં મહિનામાં મોંઘવારીનો દર રિઝર્વ બેંક દ્વારા નક્કી કરવામાં આવેલા ટાર્ગેટ કરતા ઓછો રહ્યો છે. રિઝર્વ બેંક દ્વારા રિટેલ ફુગાવો ચાર ટકા નક્કી કરવામાં આવ્યો છે. જાણકાર લોકોના કહેવા મુજબ એપ્રિલ મહિનામાં ફુગાવો ૨.૯૭ ટકા રહેવાની વાત કરવામાં આવી હતી. ડેટામાં જણાવવામાં આવ્યું છે કે, નવેમ્બર ૨૦૧૩માં ફુગાવો ૧૨ ટકાની ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. તે વખતે નરેન્દ્ર મોદીએ ૨૦૧૪માં સત્તા સંભાળી હતી. ત્યારબાદથી ફુગાવામાં ઉલ્લેખનીયરીતે ઘટાડો થયો છે.

# દેશ ગાળભક્તિથી નહિ રાષ્ટ્રભક્તિથી ચાલશે : મોદી

**નામદારોનું મિશન માત્ર મોદીને પરાજિત કરવા માટેનું છે : મોદીનું મિશન ભારતને જીતાડવા માટેનું છે : ઝંઝાવતી પ્રચારમાં દાવો : જે લોકો પોતે જામીન ઉપર છે તે લોકો ચોકીદારને ગાળો આપવા નવી ગાળો શોધી રહ્યા છે : ઘણા સમૃદ્ધ દેશ પણ મફત ઇલાજની સુવિધા ન આપી શક્યા**

સોલન,તા. ૧૩

હિમાચલ પ્રદેશના સોલનમાં ચૂંટણી સભાને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ફરી એકવાર કોંગ્રેસ પાર્ટી ઉપર આકરા પ્રહાર કર્યા હતા. કોંગ્રેસના વરિષ્ઠ નેતા સામ પિત્રોડા દ્વારા સીખ વિરોધી રમખાણ ઉપર આપવામાં આવેલા નિવેદનને લઈને મોદીએ કહ્યું હતું કે, આ લોકો પોતાના પૂર્વજોના નામ પર મત માંગે છે પરંતુ જ્યારે પુર્વજોને લઈને પ્રશ્ન કરવામાં આવે છે ત્યારે કહે છે હુઆ તો હુઆ. સોલનના ઠોડો મેદાનમાં મોદીએ કહ્યું હતું કે, આ મહામિલાવટી લોકો અમારા સૈનિકોની, અમારા જવાનોની માન મર્યાદા અને શોર્યનું સન્માન કરતા નથી. આ લોકો અમારા સેના અધ્યક્ષને પણ ગાળો આપતા ખચકાતા નથી. કોંગ્રેસ સરકારમાં અમારી સેના બુલેટ પ્રુફ જેકેટની માંગ કરી રહી હતી પરંતુ કોંગ્રેસ પાર્ટી છ વર્ષથી આ માંગને ટાળી રહી હતી. અમારા બાળકો આતંકવાદીઓ અને નકસલવાદીઓના શિકાર થતાં રહ્યા છે જ્યારે કોઈ લોકો પ્રશ્ન કરતા હતા ત્યારે જવાબમાં હુઆ તો હુઆ કહેતા હતા. વડાપ્રધાને દાવો કર્યો હતો કે, અગાઉની સરકારની સરખામણીમાં છેલ્લા

● અનુસંધાન પાના - ૭ પર



# દેશને બિન કોંગી, બિન ભાજપ પ્રધાનમંત્રી મળશે : અખિલેશ

**કેસીઆર, નાયડુ, મમતા તમામ બિન ભાજપ અને બિન કોંગ્રેસ જીતી રહ્યા છે : ગઠબંધન વિસ્તૃત હશે : અખિલેશ**



લખનૌ,તા. ૧૩

લોકસભા ચૂંટણીના અંતિમ તબક્કા માટે મતદાન આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે તમામ તાકાત પૂર્વીય ઉત્તરપ્રદેશ ઉપર કેન્દ્રિત કરી દેવામાં આવી છે. સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટીએ પૂર્વીય ઉત્તરપ્રદેશ ઉપર ધ્યાન કેન્દ્રિત કરી દીધું છે. અખિલેશને વિશ્વાસ છે કે, આ વખતે દેશને બિન ભાજપ અને બિન કોંગ્રેસ વડાપ્રધાન મળશે. વિતેલા વર્ષોમાં પણ આ પ્રકારની સ્થિતિ સર્જાઈ ચુકી છે. અખિલેશે કહ્યું હતું કે, ક્ષેત્રિય પક્ષોએ વિતેલા વર્ષોમાં પણ અનેક વડાપ્રધાનો આપ્યા છે. તેમનું માનવું છે કે, બિન ભાજપ અને બિન કોંગ્રેસી ફ્રન્ટ વધારે વિસ્તૃત રહેશે. અખિલેશે કહ્યું હતું કે, તેવા કેટલાક બિન ભાજપ અને બિન કોંગ્રેસી પક્ષો છે જે જીતી રહ્યા છે. કેસીઆર, નાયડુ તમામ બિન ભાજપ અને બિન કોંગ્રેસ સરકારના પ્રયાસ કરી રહ્યા છે. મમતા દીદીએ ફોન કરીને કહ્યું છે કે, અમે તમામ લોકો વાતચીત કરવા જઈ રહ્યા છે. એક નવો પ્રયોગ કરવામાં આવશે જે ૨૩મી મે બાદ જોવા મળશે. અગાઉ પણ કેટલાક ક્ષેત્રિય પક્ષોના મોટા વડાપ્રધાન બની ચુક્યા છે. મોદી કહી રહ્યા છે કે, બિન ભાજપ સરકારનો મતલબ રાષ્ટ્રની સુરક્ષા સાથે બાંધછોડ રહેશે. આના ઉપર અખિલેશનું કહેવું છે કે, અમે રાષ્ટ્રીય સુરક્ષા સાથે સમાધાનના મુદ્દા ઉપર આગળ વધવા ઈચ્છુક નથી. જનતા તમામ બાબતો નક્કી કરશે. એક ખાનગી ચેનલ સાથેની વાતચીતમાં મોદીએ કહ્યું હતું કે, એર સ્ટ્રાઈક દરમિયાન હવામાનની સ્થિતિ ખરાબ થઈ ગઈ હતી. નિષ્ણાતોને વિચારણા આવી હતી કે, તારીખ બદલી કાઢવામાં આવે પરંતુ તેઓએ ગુપ્તતાની યાદ આવી હતી. વાદળા થયેલા છે તો વધારે ફાયદો થશે જેથી તરત હુમલા કરવામાં આવ્યા હતા. અખિલેશે કહ્યું હતું કે, જનતાની રડારમાં તમામ સિગ્નલો પકડાઈ ગયા છે.


# શેરબજારમાં ૩૭૨ પોઈન્ટ્સનું ધોવાણ

**સતત નવમાં કારોબારી સેશનમાં કડાકો બોલાયો : સનફાર્મા, યશ બેંક, તાતા સ્ટીલ, તાતા મોટર્સના શેરોમાં સૌથી મોટો ઘટાડો નોંધાયો : નિફ્ટીમાં પણ થયેલો કડાકો**

મુંબઈ, તા. ૧૨

શેરબજારમાં આજે છેલ્લા કલાક દરમિયાન જોરદાર વેચવાલી જામી હતી જેના પરિણામ સ્વરુપે સેંસેક્સમાં ફરીવાર ઉલ્લેખનીય કડાકો બોલી ગયો હતો. બીએસઈ સેંસેક્સ આજે ૩૭૨ પોઈન્ટ ઘટીને ૩૭૦૯૧ની નીચી સપાટીએ રહ્યો હતો. સન ફાર્મા, યશ બેંક, તાતા સ્ટીલ, ઈન્ડસઈન્ડ બેંક, તાતા મોટર્સના શેરમાં સૌથી મોટો કડાકો બોલી ગયો હતો. આજે બીએસઈમાં કારોબાર દરમિયાન ૩૦ શેર પૈકી માત્ર છ શેરમાં તેજી રહી હતી. બાકીના શેરમાં મંદી રહી હતી. નિફ્ટી ૫૦ ઈન્ડેક્સમાં ભારે અફડાતફડી રહી હતી. આની સાથે જ નિફ્ટી ૧૩૧ પોઈન્ટ ઘટીને ૧૧૧૪૮ની નીચી સપાટીએ રહ્યો હતો. ૧૪૨૯ શેરમાં મંદી રહી હતી જ્યારે એનએસઈમાં ૩૫૨ શેરમાં તેજી રહી હતી. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૨૬૫ પોઈન્ટનો ઘટાડો રહેતા તેની સપાટી ૧૪૧૨૫ રહી હતી. સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૩૦૪ પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો જેથી તેની સપાટી ૧૩૮૦૨ નોંધાઈ હતી. નિફ્ટી આઈટી ઈન્ડેક્સ સિવાય તમામ સેક્ટરલ ઈન્ડેક્સમાં મંદી જોવા મળી હતી. નિફ્ટી પીએસયુ બેંક ઈન્ડેક્સમાં પાંચ ટકાનો ઘટાડો રહ્યો હતો જ્યારે નિફ્ટી ફાર્મા ઈન્ડેક્સમાં ૪.૩૭ ટકાનો ઘટાડો નોંધાયો હતો. નિફ્ટી મિડિયામાં ૩.૭૮ ટકાનો ઘટાડો નોંધાયો હતો. આની સાથે જ શેરબજારમાં અફડાતફડીનો માહોલ રહ્યો હતો. આજે કારોબાર દરમિયાન શરૂઆતમાં જ એસબીઆઈના શેરમાં બે ટકાનો ઉછાળો રહ્યો

● અનુસંધાન પાના - ૭ પર




# ભાજપ ઉમેદવાર સની દેઓલની કારને અકસ્માત : આબાદ બચાવ

**કારનું ટાયર ફાટતા પાછળ આવતી કાર એકબીજા સાથે અથડાઇ**

ગુરદાસપુર,તા.૧૩

ભારતીય જનતા પાર્ટીની ટિકિટ પર ગુરદાસપુરથી ઉભા રહેલા બોલિવુડ અભિનેતા સની દેઓલની કારને અકસ્માત નડ્યો છે. સની દેઓલની કારને સોમવારના રોજ સવારે અકસ્માત નડ્યો હતો. કહેવાય છે કે, ચૂંટણી પ્રચાર માટે જતી વખતે આ ઘટના બની હતી. સની દેઓલ આ ઘટનામાં માંડ-માંડ બચ્યો હતો. સની જે કારમાં હતો, તે કારનું ટાયર ફાટી ગયું હતું, જેને કારણે તેની પાછળ આવતી કાર પણ એકબીજા સાથે અથડાયા હતા.

ઉલ્લેખનીય છે કે, સની દેઓલ પંજાબની ગુરદાસપુરથી ચૂંટણી લડી રહ્યો છે, જેને લઈને તે જોર શોરથી પ્રચાર અભિયાન કરી રહ્યો છે. ચૂંટણી પ્રચાર દરમિયાન તેણે ઘણી રેલીઓ પણ કાઢી હતી, જેમાં ઘણીવાર તેનો ભાઈ બોબી દેઓલ અને તેના પિતા ધર્મેન્દ્ર પણ હાજર રહ્યા હતા.

પંજાબની તમામ ૧૩ લોકસભા સીટ પર ૧૯ મેના રોજ છેલ્લા ચરણમાં મતદાન થવાનું છે. એવામાં તમામ રાજનૈતિક દળો પંજાબમાં ધામા નાખી રહ્યા છે. આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ પંજાબમાં ભાજપ માટે પ્રચાર કરશે. પંજાબમાં ભાજપ ફરીએકવાર અકાળી દળ સાથે મળીને ચૂંટણી પ્રચાર કરી રહી છે.

# ભારત માટે હવાઈ ક્ષેત્રને પાકિસ્તાન ટૂંકમાં જ ખોલે તેવી પ્રબળ શક્યતા

**૧૫મી મેના દિવસે ઉડ્ડયન ક્ષેત્રને લઇને સમીક્ષા બેઠક યોજાશે**

નવી દિલ્હી,તા. ૧૩

ભારત અને પાકિસ્તાન વચ્ચે જારી સૈન્ય તંગદીલી વચ્ચે પાકિસ્તાન હવે ભારત માટે વાયુક્ષેત્રને ખોલવા માટે ટુંક સમયમાં નિર્ણય કરનાર છે. આ સંબંધમાં ચર્ચા કરવા માટે ૧૫મી મેના દિવસે બેઠક યોજાનાર છે. આ બેઠકને લઈને વ્યાપક ચર્ચા શરૂ થઈ ગઈ છે. પાકિસ્તાન ભારતીય ઉડાણો માટે પોતાના હવાઈ ક્ષેત્રને ખોલી દેવા માટેની બાબતની સમીક્ષા કરનાર છે. પાકિસ્તાન નાગરિક ઉડ્ડયન મંત્રાલયના પ્રવકતાએ કહ્યુ છે કે ઈમરાન ખાન સરકાર ૧૫મી માર્ચના દિવસે યોજાનાર બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણય કરી શકે છે. બેઠકમાં અધિકારીઓની સાથે તમામ મંત્રાલયના પ્રધાનો પણ ભાગ લેનાર છે. બેઠકને લઈને જાહેરનામુ

જારી કરવામાં આવી ચુક્યુ છે. બીજી બાજુ વડાપ્રધાન ઈમરાન ખાને કહ્યુ છે કે ભારતમાં

● અનુસંધાન પાના - ૭ પર

# બંગાળમાં અમિત શાહના હેલિકોપ્ટરને ઉતરાણની મમતાએ મંજૂરી ન આપી

કોલકાત્તા,તા.૧૩

છઠ્ઠા તબક્કાનું મતદાન પૂરું થયા બાદ પણ પશ્ચિમ બંગાળનું રાજકીય ઘમાસણ ચરમ પર છે. હવે એક વખત ફરીથી અહીં હેલિકોપ્ટર લેન્ડિંગ અને રેલીની મંજૂરી ના મળતા મુદ્દો ગરમાવ્યો છે. પશ્ચિમ બંગાળમાં છેલ્લા તબક્કાનું મતદાન ૧૯મીમેના રોજ થવાનું છે. તેના માટે જાધવપુરમાં અમિત શાહની રેલી સોમવારે બપોરે ૧૨.૩૦ વાગ્યે થવાની હતી. પરંતુ રેલીના થોડાંક કલાકો પહેલાં જ મંજૂરી રદ કર્યાનું ભાજપના સૂત્રોએ જણાવ્યું. સાથો સાથ તેમના હેલિકોપ્ટર લેન્ડિંગની અપીલને પણ રદ કરી દેવાઈ છે. હવે ભાજપ ચૂંટણી પંચને ફરિયાદ કરશે.

તાજેતરમાં પીએમ નરેન્દ્ર મોદી અને અમિત શાહના પ્રહારોનો જવાબ આપતા તૃણમૂલ કોંગ્રેસના અધ્યક્ષ અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું હતું કે હું ઈંચ-ઈંચનો બદલો લઈશ. તમે મને અને બંગાળને બદનામ કર્યું છે.

પશ્ચિમ બંગાળમાં મમતા સરકારે ભાજપ અધ્યક્ષ અમિત શાહને રોડ શો કરવાની મંજૂરી નથી આપી. ભાજપ સૂત્રોના જણાવ્યા મુજબ, શાહને હેલિકોપ્ટર ઉતારવાની મંજૂરી આપવાનો પણ ઈક્કાર કરી દીધો છે.

**રક્તદાન મહાદાન**

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

શું તમે ધો.10 કે 12 પાસ/નાપાસ છો ?
પેરામેડીકલ, નર્સિંગ, એન્જીનીયરીગ IT, ટ્રેડીશનલ, મેનેજમેન્ટ વગેરેમાં એડમીશન મેળવો અને વર્ષ બચાવો
ધોરણ ૧૧ અથવા ૧૨ ફેઈલ, કરો ધોરણ ૧૨ પાસ
ધો. ૭,૮,૯ /ધો ૧૦ ફેઈલ, કરો ધોરણ ૧૦ પાસ
MBBS, BHMS, BAMS, BNYS, BPT, BDS, D& B.PHARM, GNM, BSC NURSING, DIPLOMA & DEGREE ENGINEERING BCA, BBA, BSC, B.COM, BSW, BA, BCS, HOTEL MANAGEMENT And Many More...
● ગુજરાત કે બીજા રાજ્યમાં કોઈપણ કોલેજમાં એડમીશન લો.
● ફોરેન માં પણ એડમીશન શક્ય.
● 100% Result ગેરંટી
● વર્ષ બચાવો અને કેરિયર બનાવો
સિધ્ધ ઈન્સ્ટીટ્યુટ બીજો માળ, ડોમીનોઝ પીઝાની ઉપર, બીગ બાઝારની બાજુમાં, આણંદ
90339 51308 M : 90332 66665